

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

કાર્યકરોને દોડતા રાખી, બનાવે એપ્રિલ ફૂલ!
બોર્ડ-નિગમના ગાજરે, બનાવે એપ્રિલ ફૂલ!
લોલીપોપે કર્મચારીને, બનાવે એપ્રિલ ફૂલ!
ચૂંટણીમાં વચનો આપી, બનાવે એપ્રિલ ફૂલ!

### હાઈકુ

સત્તા વિનાના,
ડમી મંત્રીઓ બને -
એપ્રિલ ફૂલ!

નેતાઓ ખૂદ!
ભાડૂતી ભીડ જોઈ -
એપ્રિલ ફૂલ...

### ચિંતન

**અવિસંવાદનં દાનં સમયસ્યા વ્યતિક્રમઃ ।**
**આવર્તયન્તિ ભૂતાનિ સમ્યક્ પ્રણિહિતા ચ વાક્ ॥**

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

પ્રિય વચન સાથે દાન આપવું, પ્રતિજ્ઞા (સમય)નું ઉલ્લંઘન ન કરવું તેમજ સારી રીતે પ્રયોજાયેલી વાણી પ્રાણીઓને વશ કરી દે છે.

મીઠી વાણી સાથે દાન, પ્રતિજ્ઞા પાલન અને સમ્યક્ વાણીથી સૌપ્રસન્ન થાય છે, વશ થઈ જાય છે.

કેટલાક લોકોની જીભ કર્કસ હોય છે કયારે સીધી-સાદી-વિનયી-મીઠી વાણી બોલતા જ નથી. જાણે કાતર કે કરવત હોય એમ સીધા સવાલના પણ વક્ર જવાબો આપતા હોય છે. ઘમીવાર તો દાન-પુણ્ય કે સત્કાર્યોમાં એમની આ કુટેવ અડચણ રૂપ બનતી હોય છે.

નમ્ર વિવેકી માણસથી માત્ર જનસમૂહ જ નહીં પશુ-પંખીઓ પણ પ્રભાવિત થઈ વશ થાય છે.

### સુવિચાર

- જો શ્રીમંતોમાં ન્યાય હોત અને ગરીબોમાં સંતોષ હોત તો
  જગતમાં ભીખ માંગવાની પ્રથાનો અંત આવી ગયો હોત - **શેખ સાદી**
- રોજે રોજનું ધાન જેના ઘર મહીં, એ જ છાનાં દાન કરતાં હોય છે - **જિગર ધ્રોલવી**
- માણસ માણસ સાથે રમત રમે ત્યારે અંતે માણસાઈ જ હારતી હોય છે,
  ચાલાકી અંતે નીચાજોણું જ કરાવે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આખી દુનિયામાં વસ્તી કૂદકે ને ભૂસકે વધતી જાય છે,
  છતાં આજે જગતમાં દુર્લભમાં દુર્લભ કોઈ વસ્તુ હોય તો તે 'માણસ' છે - **પાસ્તોવેસ્કી**
- ભૂલ સુધારવા માટે અને શીખવા માટે હોય છે,
  સફળ માણસ ભૂલોને જ પગથિયાં બનાવીને મંઝીલ સુધી પહોંચે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : ફુદીનાના પાન, લીંબુનો રસ ચપટી સંચળ નાખીને ઉકાળીને પીવાથી ગેસ અપચો માં રાહત થાય છે **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

જેને સ્વાર્થનો ત્યાગ કર્યો છે અને પગલે પગલે જ 'પરોપકાર'ના જ વિચારમાં રચ્યા-પચ્યા હોય એ જ સાચા સંત છે. સૌને શાંતિ આપે તે સંત.

કન્ફયુશિયસ પાસે રાજા આવ્યા. રાજા કહ્યું, 'મને મહાન આત્માના દર્શન કરાવો' કન્ફયુશિયલ કહે મારી સાથે આવો. રાજાને દૂર એક ઝૂંપડી દેખાશે ને કહ્યું, 'મહારાજ, પેલી ઝૂંપડી જુઓ, એની આંગણે કેટલાંક ફળઝાડના રોપા રોપવામાં આવેલા છે. એક વૃદ્ધ સ્ત્રીએ રોપાને પાણી પાય છે. તે દેખાય છે ને ? આ રોપાને ઝાડ બનતાં અને ફળ આપતાં વરસો વરસ નીકળી જવાનાં છે. એ સ્ત્રી ત્યાં સુધી જીવવાની નથી. એની એ સ્ત્રીને પણ ખાતરી છે. છતાં એ પૂરી માવજત અને જતનથી દરરોજ આ રોપાને પાણી પાય છે અને પૂરી લાગણી સાથે આ રોપાને ઉછેરી રહી છે. એ જ મહેનત કરે છે. એનું ફળ બીજા ખાવાના છે, એ સ્ત્રીએ કોઈ દિવસ પણ તે રોપાંનાં ફળ ખાવાની લાલસા રાખેલ નથી. છતાં એ કર્યા જ કરે છે. આવા પરોપકારી આત્મા કરતાં વધુ મહાન આત્મા જગતમાં બીજો કયો હોઈ શકે ?'

રાજા કન્ફયુશિયસની વાત સમજી ગયા અને એ વૃદ્ધ સ્ત્રીના ચરણ સ્પર્શ કરવા નીકળ્યા.

# કોંગ્રેસની અવઢવ : નેતૃત્વને નામે અનિર્ણાયક

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસ વિધાનસભાના પક્ષના નેતા અને ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પોતાના કાર્યાલયમાં ચા પીવા બોલાવ્યા એથી મીડિયાને જબરો મસાલો મળી ગયો હતો. તરેહ તરેહની રાજકીય અટકળો શરુ થઈ ગઈ હતી. શંકરસિંહ વાઘેલાએ થોડા દિવસ અગાઉ દિલ્હી ખાતે શરદ પવારની શુભેચ્છા મુલાકાત લીધેળી ત્યારે પણ ઘણી અફવાઓ ઊડી હતી. કોણ જાણે કેમ, 'બાપુ' અને 'કંટ્રોવર્સી' ગુજરાત પૂરતા તો પર્યાયવાસી શબ્દો જ બની ગયા છે. શંકરસિંહ વાઘેલાએ એમના માતૃપક્ષ ભારતીય જનતા પાર્ટીમાંથી બળવો કરીને રાષ્ટ્રીય જનતા પાર્ટીને પ્રજાને સદંતર જાકારો આપ્યો, એટલું જ નહીં - કેશુભાઈ પટેલને મુખ્યમંત્રી પદ પર પુનઃ સ્થાપિત કર્યા. એથીય આગળ જઈને કહેવું હોય તો નરેન્દ્ર મોદીના સુદીર્ઘ શાસનનો માર્ગ મોકળો કરી આપ્યો. શંકરસિંહ વાઘેલાને કોંગ્રેસમાં મહત્ત્વ જરૂરી મળ્યું પરંતુ હરહંમેશ એમની સામે શંકાની સોચ તકાતી રહી. એ સોચ સામે તલવાર તાણવા જેટલી ક્ષમતા બાપુ કયારેય કેળવી ન શક્યા, કારણ કે એકવાર કરેલી ભૂલ એમને કેટલી ભારે પડી છે, એનો એમને પૂરો અહેસાસ થઈ ગયો હતો. હવે જયારે કારકિર્દીનો છેડો આવી ગયો છે અને આગામી વિધાનસભાની ચૂંટણી એ પોતાના જીવનની છેલ્લી ચૂંટણી હશે એવું તેઓ વારંવાર સ્વમુખે જણાવી ચૂક્યા છે ત્યારે શરદ પવાર સાથે તે અમિત શાહ સાથે ચા પીવાથી પણ એમની સામે શંકા-કુશંકાઓ શરૂ થઈ જાય છે. શંકરસિંહ વાઘલા ક્ષત્રિય નેતા છે અને ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે - એટલે બીજા નેતાઓની જેમ હાઈકમાન્ડને પૂછી પૂછીને પાણી પીવાનું એમને ન જ ફાવે. વળી હાઈ કમાન્ડ પણ એમને આવા મુદ્દે ખુલાસા પૂછવાની હિંમત ન જ કરે. કોંગ્રેસની માઠી દશા ચાલતી હોય ત્યારે એને આવા વરિષ્ઠ નેતાઓને નારાજ કરવાનું ન જ પોસાય, વળી કેન્દ્રમાં બેઠેલા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા પણ જાણે છે કે બાપુને છંછેડવાથી ફાયદો નથી. પરંતુ સાથે જ તેઓ બાપુને છૂટો દોર આપવાનાં મૂડમાં પણ નથી. શંકરસિંહ વાઘેલા નિખાલસ નેતા છે. જરૂરી નહીં કે પાર્ટી પોતાના જ નામને આગળ કરીને ચૂંટણી લડે, પણ ગમે તે એક નેતાનું નામ પાડી આગળ વધવાથી પ્રજામાં પ્રતીતિ પ્રગટશે એવો અભિપ્રાય જરૂર ધરાવે છે. કોંગ્રેસ હાઈકમાન્ડને ગુજરાતની ચૂંટણી તો જીતવી છે, પરંતુ કોઈ એક નેતાને આગળ કરવાથી પાર્ટીમાં ભારેલા અગ્નિ જેવી પરંપરાગત જૂથબંધી વકરી બેસે તો ? વળી બાપુ, ભરતસિંહ સોલંકી અને શક્તિસિંહ ગોહિલ એ ત્રણેય સક્ષમ નેતાઓ હોવા છતાં એકેય પાટીદાર નથી, તેથી પાટીદારોમાં પ્રવર્તતા અસંતોષનો લાભ મળવાની જે સંભાવના સરજાઈ છે તેને પ્રતિકૂળ અસર થાય એમ પણ બને. શંકરસિંહ વાઘેલાનું નામ આગળ ધરતાંની સાથે ભાજપની સૌરાષ્ટ્ર લોબીને કોંગ્રેસ સૌરાષ્ટ્રની ઉપેક્ષા કરતી હોવાની તક મળે એ પણ બનવાજોગ છે. આવાં બધાં કારણોસર અહમદ પટેલ સહિતના કોંગ્રેસના હાઈકમાન્ડના નેતાઓ મગનું નામ મરી પાડ્યા વગર ચૂંટણીમાં સિદ્ધાર્થ પટેલના સહિતના તમામ મહત્ત્વના આગેવાનોને સાથે રાખી મેદાનમાં ઊતરવાનું પસંદ કરે તેવી શક્યતા નકારી શકાય નહીં.

# કેવળણીનો ઉદ્દેશ હાથ ઉદ્યોગ દ્વારા સમગ્ર માનવનો વિકાસ હોવો ઘટે



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

> **ગાંધીજી તો હાથકામ દ્વારા ઈતિહાસ, ભૂગોળ, ગણિત-વિજ્ઞાનને સંગીત શીખવવા માગતા હતા**

ગાંધીજી સ્પષ્ટ પણે માનતા હતા કે માત્ર ચાર દિવાલો વચ્ચે વર્ગખંડમાં ચાલતી શિક્ષણ પ્રવૃત્તિ બાળકને કેવળ માહિતી ગ્રહણ કરનાર નિષ્ક્રિયતામાં ઉતારે છે. વર્ગમાં આ રીતે નહીં પરંતુ બાળકના એક વિદ્યાર્થી તરીકેના હક્ક પ્રસ્થાપિત કરવા જોઈએ તેમ ગાંધી દ્દઢપણે માનતા હતા. શિશુકેન્દ્રી કેળવણીની હિમાયત કરતા તેઓ કહે છે, 'કેવળણીનો ઉદ્દેશ હાથ ઉદ્યોગ દ્વારા સમગ્ર માનવો વિકાસ' કરવાનો હોવો જોઈએ.

હાથ ઉદ્યોગ કેવળ ઉત્પાદક કામ માટે નહીં પણ વિદ્યાર્થીઓની બુદ્ધિનો વિકાસ કરવા માટે શીખવવા જોઈએ.

પ્રાચીન કાળમાં વિકસેલા નગરોમાં બાળકોને વર્ગખંડના સીમિત શિક્ષણમાં કેદ કરવામાં આવ્યા હતા. ગ્રીસ એથેન્સના નગરોમાં બાળકોનું શિક્ષણ શાળા અને જીવન એવા બે ભાગમાં વહેંચાઈ ગયું હતું. અંગ કસરત, શસ્ત્રો ધારણ કરવા અને 'વાક્ચાતુર્યે કેળવણીનું સ્થાન લઈ લીધું હતું. શાળા અને જીવનને જુદું પાડનારી પરિસ્થિતિ સામે તે સમયે સોક્રેટિસ વાક્ચાતુર્યના શિક્ષકો અને સોક્રેટીસ શિક્ષમને જીવન અનેજીવનને શિક્ષણથી દૂર કરવા માટે વિરોધ વ્યક્ત કરતા રહ્યા પરંતુ તે સમયે શાશકો કે સમાજે તેમના વિચારને - વિચારનો નજર અંદાજ કર્યો હતો. એમના અનુયાયીઓએ પણ સોક્રેટીસના વિચારને આગળ ધપાવવાના પ્રયાસો કર્યા ન હતા. જયારે ગાંધીએ આવી કેળવણી સામે વિરોધ કર્યો પણ કેળવણી કેવી હોઈ જોઈએ. એનો અમલ તેમણે આશ્રમ પદ્ધતિથી શરુ કર્યો હતો. એક રીતે ગાંધીએ સોક્રેટીસના વિચારને અનુમોદન આપીને કેળવણીનો સાચો મહિમા ગાન કર્યો હતો.'

પ્રાચીન કાળમાં આરણ્યક અવસ્થામાં મનુષ્ય શરીર શ્રમ દ્વારા પોતાનો જીવન નિર્વાહ કરતો હતો. સઘળું જ્ઞાન કામ અને અનુભવ દ્વારા મેળવવામાં આવતુ હતું. પૂર્વની સંસ્કૃતિએ પ્રગતિ કરતા હિન્દુસ્તાનમાં કેળવણીની 'ગુરુકુળ' પદ્ધતિ પ્રચલિત બની. પોતાનું ઘર છોડીને ગુરુને ઘેર રહેવાની આ શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થી ગુરુની સીધી દેખરેખ હેઠળ રહેતો હતો. ગુરુકુળ કેળવણી પદ્ધતિમાં તરુણોની વધારાની શક્તિનો નિરુપદ્રવી રીતે નિકાસ કરવાના સાધન તરીકે જ નહીં પણ એ શક્તિનો જીવનના ગંભીર વ્યવસાય માટે ઉપયોગ કરવા માટેની એક યુક્તિ નિર્ધારિત કરવામાં આવી હતી.

ખુદ ગાંધીજીને પણ કેળવણીની ગુરુકુલ પદ્ધતિ ઉપર અપાર આસ્થા હતી. જે તેમણે સ્થાપેલો ફિનિક્સ વસાહત, ટોલ્સટોય ફાર્મ, સાબરમતી આશ્રમ સેવા ગ્રામ અને ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનામાં જોવા મળે છે. કાંગડી ગુરુકુળમાં તેમણે વાર્ષિક દિનના કાર્યક્રમ પ્રસંગે વિદ્યાર્થીઓને આપેલા પ્રવચનમાં પણ એ વ્યક્ત થાય છે 'ટુ ધી સ્યુડન્ટ્સ' નામના લેખ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે ગુરુકુળના વિદ્યાર્થીઓને ઉદ્યોગની સંપૂર્ણ તાલીમ આપવાની જરૂર છે. તો જ તેઓ સ્વાશ્રયી થઈ શકશે. મને લાગે છે કે જયાં આગળ ૮૫ ટકા જેટલી વસ્તી ખેતી કરે છે અને દશ ટકા જેટલા લોકો ખેડૂતોની જરૂરિયાતો પૂરી પાડવાના કાર્યમાં રોકાયેલા છે, તેવા આપણા ભારત દેશમાં છોકરાંને ખેતીવાડી તથા હાથવણાટનું ઠીકઠાક તથા વહેવારું જ્ઞાન મળે એ તેની કેળવણીનું એક અંગ હોવું જોઈએ. જો કે શારીરિક કેળવણીના ગાંધીજીના વિચાર આદર્યો પ્રાચીન ગુરુકુળ પદ્ધતિથી મૂળભૂત રીતે જુદા પડે છે. ગાંધીજીને મન શારીરિક કેળવણી કેળવણીનું અવિભાજય અંગ છે, અનિવાર્ય સાધન છે. જયારે ગુરુકુળ પદ્ધતિમાં તેને પૂરક પ્રવૃત્તિ તરીકેનું સ્થાન હતું. ગાંધીજી શારીરિક તાલીમ અથવા ઉદ્યોગો દ્વારા કેળવણીમાં માને છે. જયારે ગુરુકુળોમાં કેળવણી વત્તા શારીરિક તાલીમ છે. કેવળણીની ફિલસૂફી અને પ્રધાન ઉદ્દેશમાં ગાંધી અને ગુરુકુળ વિદ્યા, પદ્ધતિ બંનેમાં ચારિત્ર્ય ઘડતરનો આદર્શ એક સમાન જોવા મળે છે. બંનેએ સાદું જીવન અને ઉચ્ચ વિચારનો ઉપદેસ આપ્યો છે. અને ગાંધીએ તો આ ઉપદેશ વિચારને તેમના વિચાર બીજમાંથી જન્માવેલી ગૂજરાત વિદ્યાપીઠની કેળવણીમાં સાકાર કરી દેખાડ્યો છે.

**(લેખક સમાજસાસ્ત્રના અધ્યાપક છે.)**

# ડૉ. લોહિયા : સામા પ્રવાહે તરનારા રાજપુરુષ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ ની સંધ્યાએ પૃથ્વી પરથી એક સાથે બે સૂર્યાસ્ત થયા. એક તો પ્રકૃતિના શાશ્વત ક્રમ પ્રમાણે ભાણ પોતાનું કર્તવ્ય પુરું કરીને પશ્ચિમ દિશામાં ગતિ કરી ગયા. બીજો સૂર્યાસ્ત દિલ્હીના બિરલા ભવનમાં થયો. બિરલા ભવનમાં થયેલા આકસ્મિક સૂર્યાસ્તના સમાચાર સાંભળીને જગત ખળભળી ગયું. તે દિવસનીજ સાંજે ગાંધીજી સાથે નક્કી થયેલી મુલાકાત કરવા માટે ડૉ. રામમનોહર લોહિયા બિરલા ભવન પહોંચ્યા. બિરલા ભવનના રસ્તે જતાજ જાણ થઈ કે બાપુ હમેશ માટે ગયા ! માનવતાની હત્યા જગતે જોઈ – અનુભવી. લોહિયા આ સમાચાર પચાવી શકે તેમ ન હતા. આમ પણ ઉપરથી કઠોર દેખાતા લોહિયા ભીતરથી રુજુ અને ભાવુક હતા. ગાંધીજીની હત્યાના કલ્પનાતીત સમાચાર સાંભળીને હેબતાઈ ગયા. ઊંડી ગમગીની હૈયામાં ઢબુરીને સિગરેટ વહેંચાતી હતી તે નજીકની દુકાને ગયા. સિગારેટ લીધી અને વિચારમાંને વિચારમાં થોડા દમ ભર્યા. પછી સ્વગત બબડ્યા : ''એમણે મને દગો દીધો એટલે મેં એમને દગો દીધો !'' ૧૯૪૬ માં ગાંધીજીએ લોહિયાને સમાજવાદ અને સિગારેટના વ્યસન ઉપર એક લાંબું ભાષણ આપેલું. બાપુના શબ્દોને માન આપીને સિગારેટના શોખીન ડૉ. લોહિયાએ સિગારેટનું વ્યસન તત્કાલ છોડ્યું હતું. લોહિયાએ બાપુને આપેલા વચનની મર્યાદા જાળવી હતી. આજે બાપુ વચન આપીને મળવા કેમ ન રોકાયા ? અને આ અલગારી રાજપુરુષે બાપુની હત્યા પર પોતાનો શોક તથા ફરિયાદ આ રીતે સિગારેટ ફૂંકીને જૂદા ઢંગથી વ્યક્ત કર્યો. જેમનું જીવન સતત સંઘર્ષમાં ગયું અને જેમને શાસનનો મોહ કદી લોભાવી ન શક્યો એવા જયપ્રકાશ નારાયણ અને ડૉ.રામમનોહર લોહિયા - એ બન્ને દેશના મુક્તિ સંગ્રામના ઝળહળતા પાત્રો હતા. દેશ આઝાદ થયા બાદ પોતાનાજ સાથીઓ કે જેઓ સત્તામાં આવ્યા હતા તેમની સાથે પણ દેશના છેવાડાના લોકોની સ્થિતિ તથા શાસનના મૂલ્યો બાબતમાં મતભેદ થતાં જયપ્રકાશ તથા લોહિયાનો અવિરત સંઘર્ષ ચાલુ રહ્યો. જીવનના છેલ્લા શ્વાસ સુધી સંઘર્ષરત રહેનાર ડૉ. લોહિયાની પ્રતિભાનો વિશેષ પરિચય મેળવવા ગાંધીજીએ તેમના માટે કહેલા શબ્દો ફરી યાદ કરીએ. ૧૯૪૧ માં ગાંધીજીએ મુંબઈની એક જાહેરસભામાં યાદગાર શબ્દો ડૉ. લોહિયા માટે કહ્યા. ડૉકટર સાહેબ તે સમયે બ્રિટીશ સરકારની જેલમાં હતા. ગાંધીજી કહે છે : ''જયાં સુધી ડૉ. લોહિયા જેલમાં છે ત્યાં સુધી હું શાંત ન બેસી શકું. એનાથી વધારે સરળ માણસ મેં જાણ્યો નથી. તેઓ (ડૉ. લોહિયા) જે કરે છે તેનાથી તેમનું માન ઓર વધે છે.'' હિન્દી કવિતાઓના સર્જક શ્રી સર્વેશ્વર દયાલ સકસેનાની નીચેની પંક્તિઓમાં ડૉ. લોહિયાની પ્રતિભાને કાવ્યાત્મક રીતે વણી લેવામાં આવી છે.

જહાં સબ સિર ઝુકાતે થે
વહાં ભી ઉસકા સિર
ઊંચા ઉઠા રહતા થા
જિધર રાહ નહિ હોતી થી
ઉધર ભી વહ પૈર બઢાતા થા.

સકસેનાજી લખે છે કે આ વીર પુરુષની સમાધિ કેવી હોઈ શકે !

એક ચિનગારી ખાક કરદે
દુર્નીત કો, ઢોંગી વ્યવસ્થા કો,
જો મિટા દે દૈન્ય, શોક, વ્યાધિ
ઓ મેરે દેશવાસિયો
યહી હૈ ઉસકી સમાધિ.

વસંતનો વાસંતી વૈભવ જ્યારે અલવિદા કહેવાની તૈયારી કરે છે તેવા માર્ચ મહિનામાં ડૉકટર સાહેબની સ્મૃતિ પુનઃ અનેક લોકોના મનમાં જીવંત થતી હશે. આ મહિનામાં બની રહેલી અનેક પ્રસંગોની ઘટમાળમાં ડૉ. લોહિયાનું સ્મરણ ન થાય તો એ આપણી સામુહિક ખોટ ગણાય તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. ઉત્તર પ્રદેશમાં ૧૯૧૦ ના માર્ચની ત્રેવીસમી તારીખે (અખાત્રીજનો દિવસ) આ અલગારી જીવ આપણી વચ્ચે આવ્યો અને એક નિરાળુ અને નિઃસ્વાર્થ જીવન વ્યતિત કરીને ગયા. ૧૯૧૦થી ૧૯૬૭ સુધીની તેમની જીવનયાત્રા એક સતત સંઘર્ષ તથા વૈચારિક જાગૃતિની અનોખી મીસાલ બનીને નિષ્ઠા અને નિસબત માટેના સંઘર્ષનું અમીટ સ્મારક બની ગયા. ડૉ. લોહિયાની જન્મશતાબ્દીના પ્રસંગે (૨૦૦૯-૨૦૧૦) આપણા જાગૃત પત્રકાર સ્વ.શ્રી દિગંત ઓઝાએ ''શતાબ્દી વંદના'' ના નામે એક સુંદર પુસ્તકનું સંકલન કરીને પ્રકાશિત કરેલું હતું. ડૉકટર સાહેબ સદેહે આપણી વચ્ચે ન હોવા છતાં તેમના વિચારો સાંપ્રતકાળમાં પણ પ્રેરણાદાયક તથા પથદર્શક બને તેવા છે.

લોહિયાજીના પરિચયમાં આવેલા અનેક મહાનુભાવો તેમના વિશે પૂરા આદરથી વાત કરે છે. એક સમયે પંડિત નહેરુના પ્રિયપાત્ર ગણાતા લોહિયા પંડિતજીના સખત ટીકાકાર પણ બની શક્યા હતા. ટીકામાં કડવાશની જગાએ દેશના હિત માટેના તર્કનું પ્રાધાન્ય હતું. લોકશાહીમાં આવા સ્વસ્થ મતભેદ આવકાર્ય પણ ગણાય છે. સુચેતા કૃપલાણીએ લોહિયાજીની અસ્તવ્યસ્ત જીવનશૈલી વિશે વિગતવાર લખ્યું છે. સુચેતાજીએ ડૉકટર સાહેબના બાળસહજ સ્વભાવ વિશે સ્નેહપૂર્વક લખેલું છે. સંસદમાં ડૉકટર સાહેબના પ્રવચનો તર્કબધ્ધ તથા સશક્ત રહેતા હતા તેની નોંધ સુવિખ્યાત સાંસદ તારકેશ્વરી સિંહાએ કરી છે. અટલબિહારી વાજપેઈ લોહિયાજીને ''ફક્કડ અને મસ્તમૌલા'' તરીકે ઓળખાવે છે. કટ્ટરપંથને તેમણે કદી ઊછરવા દીધો ન હતો તેમ પણ અટલજીએ નોંધેલું છે. લોહિયાજીનો જન્મ ૨૩મી માર્ચે (૧૯૧૦) થયો હતો. ૨૩ માર્ચ (૧૯૩૧)ના રોજ બ્રિટીશ સરકારે ભગતસિંહ, રાજગુરુ તેમજ સુખદેવને ફાંસી આપી હતી. આથી આ દિવસે કદી ડૉકટર સાહેબે પોતાનો જન્મદિવસ મનાવ્યો ન હતો. ચીલા ચાતરનારા તથા સામા પ્રવાહે તરનારા ડૉકટર રામમનોહર લોહિયાને હિન્દુસ્તાન કદી વિસરી નહિ શકે. આવા લોકોને યાદ કરીએ ત્યારે કેટલાક પ્રસંગોએ તેમની ખોટ સાલ્યા કરે છે.

મોત જેવા મોતને
પડકારનારા ક્યાં ગયા ?
શત્રુના એ શૌર્ય પર
વારી જનારા ક્યાં ગયા ?

# અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં સ્વરુપો વિશે પરિસંવાદ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ધ ન્યૂ પ્રોગ્રેસીવ કૉલેજ ઑફ ટીસર્ચ એજ્યુકેશન, મહેસાણાના ઉપક્રમે 'કલાપી : જીવન કવન' પર આધારિત પરિસંવાદ અને પ્રદર્શનનું આયોજન, શિક્ષણવિદ્ અને ઉદ્યોગપતિ દશરથભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને અને સાહિત્યકાર પ્રવીણ ગઢવીના મુખ્ય મહેમાન પદે કરવામાં આવ્યું હતું. ફિલ્મ નિર્માતા અને નિર્દેષક રાજેશ પટેલે 'કલાપી જીવનપર્વ' વિષય પર અને પત્રકાર ઈન્દુભાઈ બ્રહ્મભટ્ટે 'કલાપીનો કેકારવ' વિષય પર વકતવ્યો આપ્યાં હતા; કાર્યક્રમનું સંચાલન ડૉ. લતાબહેન શર્માએ કર્યું હતું.

● આણંદ ઈન્સ્ટિટયૂટ ઑફ પી.જી. સ્ટડીઝ ઈન આર્ટ્સના ગુજરાતી વિભાગ અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'અર્વાચીન ગુજરાતી સાહિત્યના સ્વરુપો' વિશે પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં અતિથિવક્તા તરીકે પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજીએ 'અર્વાચીન ગુજરાતી પદ્ય સ્વરુપોની ફેરતપાસ' વિશે વકતવ્ય આપ્યું હતું. ત્યારપછીની પ્રથમ બેઠકમાં રાજેશ વ્યાસ દ્વારા ગુજરાતી ગઝલ વિશે અને ગુણવંત વ્યાસ દ્વારા ગુજરાતી સૉનેટ વિષે વકતવ્યો આપવામાં આવ્યા હતા. બીજી બેઠકમાં નીતા ભગત દ્વારા 'મ્હારાં સૉનેટ વિષે', જયેશ ભોગાયત દ્વારા 'સ્વપ્ન પ્રયાણ વિષે' અને પ્રદીપ જોષીએ 'દલપત કાવ્ય' વિશે વકતવ્યો આપ્યાં હતા. ત્રીજી બેઠકમાં ભગીરથ બ્રહ્મભટ્ટે 'ગુજરાતી ગીતાસ્વરુપ' વિશે; પિનાકીન પંડ્યાએ સપ્તપદી વિષે વકતવ્યો આપ્યાં હતાં. આરંભે નિયામક ડૉ. આર. પી. પટેલે સ્વાગત કરી ભૂમિકા બાંધી હતી જયારે અંતમાં ડૉ. કે.જી. પટેલે આભારવિધિ કરી હતી.

ગદ્યસભાના રજતપર્વના બારમા મણકા તરીકે જાણીતા વાર્તાકાર નીતિન ત્રિવેદીનાં બે પુસ્તકોનો લોકાર્પણ કાર્યક્રમ શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર ખાતે યોજાઈ ગયો; જેમાં 'રસવૈભવ' પુસ્તકનું લોકાર્પણ જાણીતા કેળવણીકાર, સાહિત્યકાર અને દર્શક ફાઉન્ડેશનના મનસુખભાઈ સલ્લાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું, 'જયારે 'દિનકર-તેજ' પુસ્તકનું લોકાર્પણ લેખકનાં માતૃશ્રી ધર્મિષ્ઠાબેન ત્રિવેદી દ્વારા થયું હતું. લેખકની વાર્તા તથા વિવેચકોના રસદર્શનના અંશોનું પઠન સર્વ આરતી બા ગોહિલ, પ્રવીણ સરવૈયા, જગના પંડ્યા, કલ્પના જિતેન્દ્ર, અજય ઓઝા, ધનરાજ કોઠારી અને દિવાકર ઉપાધ્યાય કરવામાં આવ્યું હતું. શ્રીમાય ડિયર જયુએ ત્રિવેદીની વાર્તા વિશે વાત કરી હતી. ભારતીય સ્ટેટ બેંકની આસીસ્ટન્ટ જનરલ મેનેજર ખાસ ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી. જયારે ડૉ. ગંભીર સિંહ ગોહિલે અધ્યક્ષીય વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરીશ મહુવાકરે કર્યું હતું.'

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને આર્ટ્સ-કોમર્સ કૉલેજ - કપડવંજના સંયુક્ત ઉપક્રમે 'ગુજરાતી ગીત કવિતા : સ્વરુપ અને સમૃદ્ધિ વિશે પરિસંવાદ યોજાઈ ગયો. પ્રથમ બેઠકમાં ડૉ. વિનોદ જોશીની અધ્યક્ષતામાં ડૉ.મણિલાલ હ. પટેલે' 'ગુજરાતી ગીત-કવિતા' વિશે અને બીજી બેઠકમાં. ડૉ. વિનોદ જોશીએ 'ગાંધીયુગ'ની ગુજરાતી ગીત-કવિતા વિશે વકતવ્યો આપ્યા હતા. ત્રીજી બેઠકમાં ડૉ. જયેન્દ્ર શોખડીવાલાના અધ્યક્ષપદે 'ગુજરાતી ગીતઃ આસ્વાદ અને અવબોધ' વિશે અને 'અનુગાંધીયુગની ગીતકવિતા' તથા 'અનુઆધુનિક ગુજરાતી ગીત-કવિતા' વિશે અનુક્રમે ડૉ. રાજેશ વણકરે અને ડૉ. અજયસિંહ ચૌહાણે વકતવ્યો આપ્યાં હતા.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સાહિત્યસેવા સંકુલના સંયુકત્ ઉપક્રમે રાવજી પટેલના સ્મારકના અનાવરણ પ્રસંગે ડૉ. મણિલાલ હ. પટેલના અધ્યક્ષ સ્થાને અને કવિશ્રી માધવ રામાનુજના મુખ્ય મહેમાન પદે કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં વક્તાઓએ રાવજી પટેલને શબ્દાંજલિ અર્પી હતી.

સ્વ. સી.ડી. નાયક; દિનકર જોષી અને સ્વ. સનત મહેતા વ્યાખ્યાન શ્રેણી તથા શામળદાસ કૉલેજના સંયુક્ત ઉપક્રમે 'જ્ઞાનસત્ર' તથા ડૉ. વિશ્વનાથ પટેલ સંપાદિત આધુનિકોત્તર ગુજરાતી ટૂંકી વાર્તા પુસ્તકોનો વિમોચનકાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળાએ 'દીર્ઘકવિતા' જેવા ગહન વિષય પર તથા કિરીટ દૂધાતે 'આધુનિકોત્તર ગુજરાતી વાર્તાઓ' વિષય પર વકતવ્યો આપ્યા હતા. ડૉ. સતીષ વ્યાસે લાભશંકર ઠાકરકૃત 'મનસુખલાલ મજીઠિયા' કૃતિનો ગહન અભ્યાસ રજૂ કર્યો હતો. કૉલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.પી. જાડેજાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

● 'ઉર્દૂ ગઝલ ૧૯૫૦સે દૌર-એ-હાજિર તક' વિષય પર રાષ્ટ્ર કક્ષાનો પરિસંવાદ, ઉર્દૂ સાહિત્ય અકાદમી અને ગુજરાત વિનયન કૉલેજના ઉર્દૂ ફારસી વિભાગના સંયુકત્ ઉપક્રમે ડૉ. ચિનુ મોદીના અતિથિ વિશેષપદે તથા પ્રો. મોહિયુદ્દીન બોમ્બેવાલાના અધ્યક્ષપદે યોજાઈ ગયો. ડૉ. ઈર્શાદ નિયાઝી (ઉર્દૂ વિભાગના અધ્યક્ષ, દિલ્હી યુનિવર્સિટી) એ ચાવીરુપ વકતવ્ય આપ્યું હતું. જયારે ઉદયપુર સુખડિયા યુનિ. મારેગાંવ - ભિવંડી, નૂતન મરાઠા યુનિ. તથા સ્થાનિક વિદ્વાનો દ્વારા ઉર્દૂ ગઝલ અંગે આધુનિક સંદર્ભમાં અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિશદ્ રજૂઆત થઈ હતી.

● જાણીતા દલિત સાહિત્યકાર વી.એમ. પરમારનુ ૮૨ વર્ષની વયે ચાંદખેડા ખાતે નિધન થયું. જિંદગીના છેલ્લાં વર્ષોમાં શબ્દસાથે નાતો બાંધી, દલિત વેદનાને વાચા આપી દલિત ચેતના પ્રગટાવનાર આ સર્જકની ત્રણ નવલકથાઓ પ્રકાશિત થઈ છે. અદ્યપિ બે નવલકથાઓ અને બે વાર્તાસંગ્રહ પ્રકાશિત થવાના બાકી છે. ગુજરાતી દલિત સાહિત્યને તેમની ખોટ સાલશે. ભાવાંજલિસહ સ્વર્ગસ્થના દિવ્ય આત્માને શ્રદ્ધાસુમન અર્પણ.

● ગુજરાત વિશ્વકોશના સંસ્કૃત વિષયના તજજ્ઞ, પ્રકાંડ વિદ્વાન દશરતલાલ વેદિયાનું અવસાન થયું. તેમણે અનેક સંશોધન પત્રો લખ્યા છે. અને તેમનાં ઘણા પુસ્તકો પ્રકાશિત થયા છે. તેઓ રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન દ્વારા 'શાસ્ત્ર ચુડામણિ'થી સન્માનિત થયા હતા. તેઓ સંસ્કૃતના ઊંડા અભ્યાસી અને કર્મકાંડના જ્ઞાતા હતા. સ્વર્ગસ્થના દિવ્ય આત્માને ભાવાંજલિ શ્રદ્ધાસુમન અર્પણ.

- muljibhaidadhi@gmail.com